સુમુલ
શુદ્ધતાની પરંપરા

# સુમુલ સેતુ

Amul
The Taste of India

www.sumul.com Sumuldairy @SumulRoot SumulDairy

અંક – ૬૫ મે – ૨૦૨૬

## AMUL A.I. (Artificial Intelligence)

આપણે એ.આઈ. શબ્દ થી તો ખૂબજ પરીચીત છીએ, એ.આઈ. શબ્દ આપણા જીવનમાં વણાઈ ગયો છે. એ.આઈ. એટલે કુત્રીમ બિજદાન આપણે કુત્રીમ બિજદાન માટે એ.આઈ. શબ્દનો વધારે ઉપયોગ કરીએ છીએ.

પરંતુ આજે આપણે જે એ.આઈ. (A.I.)ની વાત કરવાના છીએ તે એ.આઈ. એટલે કુત્રીમ બિજદાન નહી પરંતુ Artificial Intelligence એટલે કે કુત્રીમ બુધ્ધીમતા.

તમો એ સમાચાર માધ્યમો દ્વારા જાણ્યું હશે કે ગુજરાત કો ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા સંલગ્ન તમામ દુધ સંઘો દ્વારા તા. ૧૧/૦૨/૨૦૨૬ના રોજ આણંદ મુકામે માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે AMUL A.I. નુ લોન્ચીંગ કરવામાં આવ્યુ હતુ. તેમજ તા. ૨૨/૨/૨૦૨૬ના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના “મન કી બાત” કાર્યક્રમમાં મોદી સાહેબે જણાવ્યુ હતુ કે દીલ્હી ખાતે યોજાયેલ વર્લ્ડ એ.આઈ. સમીટ(Global A.I. Summit) માં હુ બે પ્રોડકટથી ખુબજ પ્રભાવિત થયો છે. એમાની એક આપણી “અમુલ એ.આઈ.” હતી જે આપણા માટે ગૌરવની બાબત છે.

તો ચાલો આજે આપણે એ.આઈ. (Artifical Intelligence) અને અમુલ એ.આઈ. શુ છે તે જાણીએ.

## Artificial Intelligence (A.I.) એટલે શુ?

A.I. એટલે કુત્રીમ બુધ્ધીમતા આ એક એવી કોમ્પ્યુટર પ્રણાલી કે ટેકનીક છે જે માનવી જેવુ વિચારી શકે છે, વિવિધ માહીતીનું વિશ્લેષણ કરી શકે છે અને સચોટ માહીતીને આધારે નિર્ણય લઈ શકે છે આ ટેકનીક મશીનો ને બુધ્ધીશાળી બનાવી શકે છે, મશીન પોતાના જ અનુભવ માંથી શીખે છે અને નવા નવા કાર્યોને સમજી શકે છે. તેમજ કરી શકે છે.

ટુંકમાં એ.આઈ. ટુલ્સ એ આપણો સ્માર્ટ મદદનીશ છે જે આપણી મદદ કરવા 24X7 કે 365 દિવસ કોઈપણ સમયે ઉપલબ્ધ છે.

દુનીયાની મોટી મોટી ટેક કંપનીઓ પાસે પોતાના A.I.Platform ઉપલબ્ધ છે જેમકે Chat GPT, Google કંપનીનું Gemini, Meta A.I. વગેરે વગેરે જે તમોને કોઈપણ ક્ષેત્રેની માહીતી ગમે તે સમયે ઉપલબ્ધ કરાવે છે. પરંતુ આપણુ AMUL A.I. પશુપાલનને લગતા પ્રશ્નોને સમજવા માટેનુ આપણી પોતાની ગુજરાતી ભાષામાં સરળતાથી ઉપલબ્ધ થયેલ એક A.I. Platform છે.

આજના ખુબજ ઝડપથી વિકસી રહેલ યુગમાં વિવિધ પ્રકારના ઉધોગો A.I.નો ઉપયોગ કરીને પોતાના ક્ષેત્રનું નવીનીકરણ કરી રહયા છે અને પોતાનું કામ ખુબજ સરળ કરી રહયા છે.

આજ વિચારને ધ્યાનમા લઈ અત્યારની આધુનીક ટેકનોલોજી એવી એ.આઈ. ટેકનોલોજી આપણા પશુપાલકો માટે પણ ઉપલબ્ધ થાય અને આપણે પશુપાલક પશુપાલનને લાગતી તમામ પાયાથી માંડીને આધુનીક માહીતી આંગળીના ટેરવે કે એક ફોન કોલથી મેળવી પોતાના પશુપાલન વ્યવસાયમાં તેનો ઉપયોગ કરી પોતાના વ્યવસાયની નફાકારકતા વધારી શકે તેવી ઉમદા વિચારો થી ગુ.કો.મિ.મા.ફેડરેશન તથા તેની સાથેના તમામ દૂધ સંઘો દ્વારા આપણુ પણ પોતાનુ એક A.I. Plaform હોવુ જોઈએ તેવુ વિચારી AMUL A.I. નુ નિર્માણ કરવામાં આવેલું છે.

ચાલો AMUL A.I. શુ છે તથા તે આપણને કઈ રીતે ઉપયોગી થશે તેની વિગતવાર માહીતી મેળવીએ.

## AMUL A.I. એટલે શુ.?

અમુલ એ.આઈ એ A.I. દ્વારા સંચાલીત એક ડીજીટલ પબ્લીક ઈન્ફાસ્ટ્રકચર(DPI) છે જે ગુજરાતના તમામ દૂધ સંઘો સાથે જોડાયેલ દરેક પશુપાલકોને પશુપાલનને લગતી દરેક સમસ્યાનો સરળ ગુજરાતી ભાષામાં ઉત્તર આપશે અને સમયની પાબંધી વગર કોઈપણ સમયે તેનો તમે ઉપયોગ કરી શકશો ભારત વર્ષમાં આ પ્રકારની આ પ્રથમ પ્રણાલી છે.

## AMUL A.I. નો ઉદેશ્ય

- પશુપાલનને લગતી તમામ માહીતી આપણા પશુપાલકોનો કોઈપણ સમયે ઉપલબ્ધ કરાવવી.
- પશુપાલકને માહીતીપૂર્ણ નિર્ણયો લેવામાં મદદરૂપ થવું.

## AMUL A.I. ની વિશેષતા

ઘણી બધી ટેક કંપનીઓ પાસે આ પ્રકારના A.I. પ્લેટફોર્મ ઉપલબ્ધ છે. પરંતુ આપણુ AMUL A.I. પ્લેટફોર્મ તમોને

- સરળ ગુજરાતી ભાષામાં ઉત્તર આપશે.
- તમારા દરેક પશુઓની વિગતવાર માહિતી તમોને આપશે.
- દૂધ સંઘો દ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓની માહિતી તમોને આપશે.
- મોબાઈલ અથવા મંડળીના કોમ્પ્યુટરથી તમો માહીતી મેળવી શકશો.
- 24x7 કોઈપણ સમયે તમોને મદદ કરવા ઉપલબ્ધ રહેશે.
- જો તમો તમારા તમામ પશુઓની માહીતી કૃત્રીમ બિજદાન કાર્ય કરતા Amul Pashudhan એપમાં નાખવાને આગ્રહ રાખશો તો Amul A.I. તમોને તમામ પશુઓની આગામી ગરમીની તારીખ,ગર્ભધારણ તપાસની તારીખ,વિયાણની તારીખ,વગેરે વગેરે એક ફોન કોલ પર ઉપલબ્ધ કરાવશે.

## AMUL A.I. નો ઉપયોગ કઈ રીતે કરવો

- આ એક ખૂબ જ સરળ કાર્ય છે તમો તમારા ફોન માંથી ૦૮૦૩૫૪૫૩૫૪૫ નંબર ડાયલ કરવાનો છે અને આપણા મદદકર્તા સરલાબેન(જે એક મશીન વ્યકિતત્વ છે)ને એ કહે તે પ્રમાણેના પ્રશ્ન પૂછતા જાવ સરલાબેન સરળ ગુજરાતી ભાષામાં તમોને મદદ કરવાનો પ્રયત્ન કરશે.
- જો તમારે લેખીતમાં માહીતી જોઈએતો હોય તો અમુલ ફાર્મર એપ જે તમોને તમારા દૂધની રોજે રોજની માહીતી આપે છે તેમાં તમારો મોબાઈલ નંબરથી લોગીન થઈ માઈક ચીન્હ આપેલુ છે તેને દબાવી રાખી તમારા પ્રશ્નો પૂછો અથવા તમારા પ્રશ્નોને માઈક ના ચીન્હની બાજુમાં આપેલ ખાના માં ગુજરાતી ભાષામાં ટાઈપ કરો અને થોડા રાહ જુવો સરલાબેન તમોને લેખીતમાં બધી માહીતી આપશે. જયાં સુધી તમોને તમારા પ્રશ્નો ના ઉત્તર ના મળે ત્યા સુધી માહીતી મંગાવતા રહો.

અત્યારે આપણુ એ.આઈ. પ્લેટફોર્મ(Amul A.I.) વિકાસશીલ(Development Stage)તબક્કામાં છે ભવિષ્યમાં આપણે પશુપાલન તથા કૃષીને લગતી સરકારની વિવિધ યોજનાઓ તથા કૃષી ઉત્પાદનો લગતી વિવિધ માહીતીઓ પણ ઉપલબ્ધ કરાવી શકીશુ.

તો હવેથી જયારે પણ તમારા મનમાં પશુપાલનને લગતો કોઈ પ્રશ્ન ઉદભવેતો રાહ જોયા વગર ડાયલ કરો ૦૮૦૩૫૪૫૩૫૪૫ નંબર અને મેળવો સરળ ભાષામાં તમારા પ્રશ્નોના ઉત્તરો અથવા Amul Farmer App પર તમારા ફોન નંબરથી લોગીન થાવ અને માઈકના ચિન્હ ને દબાવી રાખી તમારા પ્રશ્નો પુછો અને મેળવો વિગતવાર લેખીત માહીતી.

**હવે આપ સૌ AMUL A.I. સરલાબેન ને Whats App દ્વારા પણ પ્રશ્નો પૂછી શકશો.**
**તમારા પ્રશ્નો ને ૦૮૦૩૫૪૫૩૫૪૫ નંબર પર વોટસ અપ કરો અને ઉત્તર મેળવો.**

# લમ્પી સ્કીન ડીસીસ – ગાંઠદાર ચામડીનો રોગ

હાલમાં ચોમાસાની ઋતુમાં ગાય/ભેંસમાં નવો રોગ " લમ્પી સ્કીન ડીસીસ–ગાંઠદાર ચામડીનો રોગ" નું સંક્રમણ તથા ફેલાવો આપણા વિસ્તાર માં ન થાય તે માટે તેના વિશેની માહિતી– જાણકારી મેળવી બીમાર પશુની સારવાર તથા અન્ય પશુઓને આ રોગ ન થાય તે માટે જરૂરી પગલા લેવા ખુબ જ આવશ્યક હોય આ નવા રોગ વિશેની માહિતી – જાણકારી અહીં રજુ કરવામાં આવી છે.



" ગાંઠદાર ચામડીનો રોગ " એ ગાય-ભેંસમાં નવો ઉભરતો એક રોગ હમણાંજજોવામાં આવી રહયો છે. તેને " લમ્પી સ્કીન ડીર્સીસ " ના નામે આળખાય છે.

**આ રોગ માખી–મચ્છરથી ફેલાતો વિષાણુ (વાયરસ) થી થતો રોગ છે.**

આ રોગ " કેપ્રી પોકસ " નામના વાયરસથી થાય છે. ગાંઠદાર ચામડીનો રોગનો પશુમાં ફેલાવો કરવામાં મચ્છર અને માખી મુખ્ય પરિબળ તરીકે કામ કરે છે. જયારે મચ્છર કે માખી રોગીષ્ટ પશુને કરડી તંદુરસ્ત પશુને કરડે ત્યારે વિષાણુ પશુનાં શરીરમાં પ્રવેશી રોગનો ફેલાવો કરે છે. આ રોગના ફેલાવા માટે ઈતરડીને પણ જવાબદાર ગણવામાં આવે છે.

## –: બીમારીની વિગત :–

આ Capri Pox Virus થી થતો રોગ છે. તાવ, વજન ઘટવું, લસીકા ગ્રંથીનો સોજો, ચામડીમાં અને મોં ની ગ્રંથીમાં સોજો તથા ગુમડા બને તથા ખરી પડે. આ રોગ લોહી પીતા પરોપજીવીથી ફેલાય છે. ગાંઠોમાં ઘણીવાર રસી થાય છે. ચાંદા પણ થાય છે.

## –: ફેલાવાનું કારણ :–

સામાન્ય રીતે લોહી પીતા પરોપજીવી દ્વારા એક રોગીષ્ટ પશુમાંથી તંદુરસ્ત પશુમાં ફેલાઈ શકે છે. આ રોગ ચેપી છે તેમજ ખુબ ઝડપથી અસરકર્તા ચામડીને જાડી કરે. લસીકાગ્રંથીને મોટી કરે, જાનવર માંદુ પડે છે.

## –: સારવાર :–

રોગની સારવાર માટે પશુ ચિકિત્સકને બોલાવી તાત્કાલીક સારવાર કરી લેવી જોઈએ.

## –: બીમારી અટકાવવાના ઉપાયો :–

- **રોગનો અટકાવ અને નિયંત્રણ કરવા માટે રોગીષ્ટ પશુને સૌપ્રથમ અલગ કરવું અને ચરવા માટે છુટુ મુકવું નહિ જેથી રોગ બીજા પશુમા ફેલાય નહિ.**
- રોગગ્રસ્ત વિસ્તારમાંથી પશુનું સ્થાળાંતર બંધ કરવું જોઈએ.
- માખી-મચ્છર, ઈતરડીના ઉપદ્રવ અટકાવવા માટે યોગ્ય દવાઓનો છંટકાવ કરવો જોઈએ. ''Goat Pox Vaccine'' નું રસીકરણ કરીને રોગને અટકાવી શકાય છે.
- પશુઓની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે મિનરલ મિક્ષર ખવડાવવુ,કોઢમાં સાફ સફાઈ, હવા - ઉજાસ રાખવી.
- આ રોગ વરસાદની સીઝનમાં વધુ ફેલાય છે. આજુબાજુનાં પરિસરમાં વરસાદનાં પાણીનો ભરાવો ન થાય તેની તકેદારી રાખવી જેથી કરી મચ્છર - માખીનો ઉપદ્રવ થાય નહિ.
- બીમાર થયેલ પશુઓના સંપર્કમાં આવેલ વાસણો તથા સાધનો તેમજ આજુબાજુનું પરિસર પોટેશીયમ-પરમેગ્નેટનાં દ્રાવણથી જંતુમુકત કરવું.

## –: ઘરગથ્થુ આયુર્વેદીક ઉપચાર :–

(૧) ચાર મુઠ્ઠી લીમડાના પાન, ચાર મુઠ્ઠી તુલસીના પાન , એક કળો લસણ , એક મુઠ્ઠી હળદર પાવડર તથા એક પાન એલોવેરા ( લાબુ ) નો મીક્ષરમાં પેસ્ટ (મલમ) બનાવી પશુના શરીર પર જયા ચાંદા હોય ત્યાં દરરોજ ચાર દિવસ લગાવવું.

(૨) સામગ્રી : નાગરવેલના પાન ૧૦ નંગ, કાળા મરી -૧૦ ગ્રામ, મીંઠુ- ૧૦ ગ્રામ, ગોળ-૫૦ ગ્રામ

મીશ્રણ બનાવવાની રીત : ઉપરોક્ત વસ્તુઓનું મીશ્રણ કરી નાના નાના ભાગ કરી પ્રથમ દિવસે દર ત્રણ કલાકે પશુને ખવડાવું ત્યારબાદ **બીજા** દિવસથી ઉપરોક્ત મીશ્રણ દિવસમાં ત્રણ વખત એમ બે અઠવાડીયા સુધી ખવડાવવું.

**હાલમાં સુમુલ ડેરી દ્વારા આપની દૂધ મંડળીના કાર્યક્ષેત્રના કૃત્રિમ બીજદાન કાર્યકર મારફત લંપી સ્કિન ડીસીઝ રોગ વિરોધી રસીકરણ મૂકવાનું કામ ચાલુ હોય આપના તમામ પશુધનને આ રોગ વિરોધી રસીકરણ કરાવી સુરક્ષિત કરાવો**


સુમુલ
પશુપાલકોની સમૃદ્ધિ,
દેશની સમૃદ્ધિ
સુમુલ
પ્રેગ્નન્સી ફીડ
(સ્વસ્થ માતા, સ્વસ્થ વાછરડું)
30
કિ.ગ્રા.
કુલ વજન
આરોગ્ય
દૂધ ઉત્પાદન
વિકાસ
ઇમ્યુનિટી
SUMUL
PREGNANCY FEED
(Healthy Mother, Healthy Calf)
ISO Certified Organization
30 KG
★ સ્વસ્થ માતા = સ્વસ્થ વાછરડું ★
સંતુલિત પોષણ
આરોગ્ય અને ઇમ્યુનિટી
વધુ દૂધ ઉત્પાદન
વાછરડાનો યોગ્ય વિકાસ
સુમુલ - પશુપાલકોની સમૃદ્ધિ, દેશની સમૃદ્ધિ


સુમુલ
હાયપ્રો ફીડ
(બાયપાસ પ્રોટીન ફીડ)
વધુ આરોગ્ય અને રોગપ્રતિકારક શક્તિ
દૂધનું ઉત્પાદન અને ફેટમાં વધારો
ઉચ્ચ પ્રજનન ક્ષમતા સુધારે
વાછરડાના સ્વસ્થ વિકાસ માટે
ઉચ્ચ પોષણ સંતુલિત આહાર
પેકિંગ: 50 કિ.ગ્રા.
SUMUL
HYPRO FEED
(Bypass Protein Feed)
ISO Certified Organization
Premium Feed for Better Milk Production & Health in Cattle
50 KG
★ ભેંસ અને ગાય માટે ખાસ તૈયાર કરાયેલ પ્રીમિયમ દાણ ★
વધુ ઉત્પાદન = વધુ નફો
ઉચ્ચ ગુણવત્તાવાળા કાચા માલનો ઉપયોગ
સંતુલિત પોષણ સુનિશ્ચિત
પશુ આરોગ્ય સુધારે
દૂધ ઉત્પાદન વધારે


સુમુલ
સમૃદ્ધિ ફીડ
(પ્રીમિયમ કૈટલ ફીડ)
વધુ આરોગ્ય અને રોગપ્રતિકારક શક્તિ
દૂધનું ઉત્પાદન અને ફેટમાં વધારો
ઉચ્ચ પ્રજનન ક્ષમતા સુધારે
વાછરડાના સ્વસ્થ વિકાસ માટે
ઉચ્ચ પોષણ સંતુલિત આહાર
પેકિંગ: 50 કિ.ગ્રા.
SUMUL
SAMRUDDHI FEED
(PREMIUM CATTLE FEED)
Rich in Bypass Protein & Fat
ISO Certified Organization
Premium Cattle Feed For High Producing Animals to Improve Health, Immunity, Reproductive Efficiency & lactation yield
Better Health & Immunity
Increase Milk Yield & Fat Percentage
Improve Reproductive Efficiency
NET MASS
50 KG
WHEN PACKED
NO HOOKS
★ ભેંસ અને ગાય માટે ખાસ તૈયાર કરાયેલ પ્રીમિયમ દાણ ★
વધુ ઉત્પાદન = વધુ નફો
ઉચ્ચ ગુણવત્તાવાળા કાચા માલનો ઉપયોગ
સંતુલિત પોષણ સુનિશ્ચિત
પશુ આરોગ્ય સુધારે
દૂધ ઉત્પાદન વધારે


સુમુલ
બફેલો સ્પેશિયલ
પોષણથી ભરપૂર આહાર
વધુ દૂધ અને વધુ ફેટ
મજબૂત આરોગ્ય અને સારી રોગપ્રતિકારક શક્તિ
પ્રજનન ક્ષમતા સુધારે
સંતુલિત પોષક તત્વો સાથે ઉત્તમ ગુણવત્તા
SUMUL
Buffalo Special
ISO Certified Organization
Premium Cattle Feed for Better Milk Production & Health in Buffaloes
50 KG
પેકિંગ: 50 કિ.ગ્રા.
★ ભેંસ માટે ખાસ તૈયાર કરાયેલ પ્રીમિયમ દાણ ★
વધુ ઉત્પાદન = વધુ નફો
ઉચ્ચ ગુણવત્તાવાળા કાચા માલનો ઉપયોગ
સંતુલિત પોષણ સુનિશ્ચિત
પશુ આરોગ્ય સુધારે
દૂધ ઉત્પાદન વધારે